|| સનાતન પરમો ધર્મ ||

પ્રચાર સચાર

રવિવારી પૂર્તિ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સનાતન ધર્મ પત્રિકા

સોશીયલ મિડીયા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

સં -૨૦૭૮ | ભાદરવા સુદ-૮ | તા.૦૪-૦૯-૨૨ | રવિવાર | SDP No.: 864 | MOB.:+91 7801877774, +91 7718977774 | ankasantandharmpatrika@gmail.com

શ્રી પૂના પાટીદાર યુવક મંડળની સામાન્ય સભા એવમ નવી કારોબારીની રચના

પ્રમુખશ્રી
પ્રદિપ પુરૂષોત્તમ પોકાર

મંત્રીશ્રી
મનોજ કરમશીભાઈ પોકાર

શ્રી પૂના પાટીદાર યુવક મંડળની સામાન્ય સભા શુક્રવાર તા. ૨૬-૦૮-૨૦૨૨ ના રોજ "પાટીદાર ભવન" પૂના મુકામે રાત્રે ૭-૦૦ કલાકે યુવક મંડળના પ્રમુખ શ્રી હરેશ ઝવેરભાઈ પોકારના પ્રમુખ પદના નેજા હેઠળ યોજાઈ ગયેલ. જેમાં મોટી સંખ્યામાં સભાસદોએ હાજરી આપેલ હતી તેમજ સાથે સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ પણ વિશેષ હાજરી આપી હતી.

સૌ પ્રથમ હાજર રહેલ સર્વે સભાસદોનું સ્વાગત મંત્રીશ્રી અરવિંદભાઈ હીરજીભાઈ પોકાર દ્વારા ઉમિયા માતાજી તથા લક્ષ્મીનારાયણ ભગવાનની જયઘોષ કરી આવેલ સભ્યોનું શાબ્દિક શબ્દોથી કરવામાં આવ્યું. ત્યારબાદ હોદ્દેદારોને સ્થાન ગ્રહણ કરવામાં આવેલ. ગત મીટીંગનું વાંચન સહમંત્રી શ્રીમતી ભાવનાબેન મમૃતલાલ વાગડીયા દ્વારા કરવામાં આવેલ જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ હતી. સાથે સાથે ૨ વર્ષ દરમ્યાન કરેલ કાર્યની માહિતી આપવામાં આવી.

આગળના પ્રોગ્રામો વિશે ચર્ચાઓ કરવામાં આવી. ત્યારબાદ હોદ્દેદારોનો કાર્યકાળ પૂરો થતો હોઈ તેમને ફુલ આપીને સન્માન કરવામાં આવ્યું. આગામી ૨ વર્ષ માટે નવી કારોબારીની રચના કરવામાં જવાબદારી સમાજના પ્રતિષ્ઠિત ભાઈઓ શ્રી સમાજના પ્રમુખ ડૉ. પ્રો. પુરૂષોત્તમ પોકાર, મહામંત્રીશ્રી તુલસીદાસ વાગડીયા, સહમંત્રી ગીરીશભાઈ વાગડીયા, કારોબારી સભ્ય શ્રી દિપકભાઈ રામાણી, શ્રી શંકરભાઈ છાભૈયા, યુવામંડળ IPP પ્રદિપ પોકાર, અને મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પાર્વતીબેન દિવાણી ને સોપવામાં આવેલ. યુવા મંડળના યુંટાયેલ પદાધિકારી તથા કારોબારીની નામાવલી નીચે મુજબ છે. -IPP:-શ્રી હરેશ ઝવેરભાઈ પોકાર

પ્રમુખ:-શ્રી પ્રદિપ પુરૂષોત્તમ પોકાર

ઉપપ્રમુખ :-
શ્રી લલિત શિવજીભાઇ પોકાર,
શ્રીમતી મીનાક્ષીબેન સુરેશ છાભૈયા

મંત્રી:- શ્રી મનોજ કરમશીભાઈ પોકાર

સહમંત્રી:-
શ્રી રૂપેન જીતેન્દ્રભાઈ દિવાણી,
શ્રીમતી ભાવનાબેન મમૃતલાલ વાગડીયા

ખજાનચી:-શ્રી રાહુલ લખમશીભાઇ પોકાર

સહ ખજાનચી:-
શ્રી જીતેશ કાંતિલાલ સાંભલા, શ્રીમતી કલ્પનાબેન લીલાધર દિવાણી

સાંસ્કૃતિક મંત્રી:-
શ્રી કેતન દામોદર દિવાણી,
શ્રીમતી મીનાબેન દામોદર વાગડીયા

ક્રિડા મંત્રી:-
શ્રી કિરણ દેવજીભાઈ પોકાર,
શ્રીમતી હેતિષા દિપકકુમાર લીંબાણી

પર્યટન મંત્રી:-
શ્રી હસમુખ કાંતિલાલ પોકાર
કુમારી જાગૃતિ કિશોરભાઈ છાભૈયા

PRO:-શ્રીમતી પ્રીતીબેન રોહિતભાઈ માકાણી

કારોબારી સભ્યો :-
શ્રી પ્રવિણભાઈ જેઠાલાલ નાકરાણી,
શ્રી કલ્પેશ જયંતીલાલ પોકાર,
શ્રી ફુલાલ ધનજીભાઈ પોકાર,
શ્રી રાજેશ ખેતશીભાઈ પોકાર,
શ્રી હર્ષ દિપકભાઈ રામાણી,
શ્રી તેજસ મહેન્દ્રભાઈ ભાદાણી,
શ્રી હર્ષદ છગનભાઈ છાભૈયા,
શ્રી સુશીલ કૃષ્ણકુમાર વાગડીયા,
શ્રી ખુશાલ જયંતીલાલ લીંબાણી,
શ્રીમતી માયાબેન ભાવેશભાઈ છાભૈયા,
શ્રીમતી કલ્પનાબેન મહેન્દ્રભાઈ પોકાર,
શ્રીમતી પ્રીતીબેન ખુશાલ લીંબાણી,
શ્રીમતી મીનાક્ષીબેન તેજસ રામાણી,
શ્રીમતી જીનલબેન હર્ષ રામાણી, કુમારી હેતલ ગીરીશભાઈ વાગડીયા, કુમારી નિમિષા શિવલાલ વાગડીયા,
કુમારી ખુશી કિશોરભાઈ છાભૈયા,
કુમારી મિતાલી સુરેશભાઈ દિવાણી,
કુમારી લીના રાજેશભાઈ દિવાણી.

નવા વરાયેલ પ્રમુખશ્રી પ્રદિપ પુરૂષોત્તમ પોકારએ યુંટણી પંચનો તેમજ સૌ સભાસદોનો આભાર તેમજ સૌના સાથ સહકારની અપેક્ષા વ્યક્ત કરેલ.

અંતે કોઈ કામકાજ ન રહેતા પ્રમુખશ્રીની પરવાનગીથી મંત્રી શ્રી મનોજ કરમશીભાઇ પોકાર એ સભાનો આભાર વ્યક્ત કરી મિટિંગનું સમાપન બાદ સ્વરૂચિ ભોજનથી કરવામાં આવ્યું હતું.

શ્રી પાટીદાર સમાજ પૂણે દ્વારા
સંચાલિત પ્રચાર પ્રસાર સમિતિ

પ્રતિનિધિ :-
કૃષ્ણકુમાર રવજીભાઈ વાગડીયા
પુણે દ્વારા

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

આદરણીય ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, પ્રભારીશ્રીઓ, કારોબારી મિત્રો, ઝોન સમિતિના કેન્દ્રીય કર્ણધારો, આમંત્રિત સભ્યશ્રીઓ, સંચાલન સમિતિના જવાબદારશ્રીઓ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ..

જય લક્ષ્મીનારાયણ સહ જણાવવાનું કે

શ્રીસમાજની આગામી કારોબારી સભા દક્ષિણ કર્ણાટક ઝોન સમાજના યજમાન પદે બેંગ્લોર મુકામે તાત્રીખ ૬ અને ૭ જાન્યુયારી 2023 ના મળવાનું નક્કી કરેલ હતું પરંતુ યજમાન ઝોનના અનિવાર્ય સંજોગો વસાત મીટીંગ ની તારીખમાં ફેરફાર કરવો પડેલ છે.

હવે શ્રીસમાજની આગામી કારોબારી સભા તા. 31.12.2022 અને 01.01.2023 ના રોજ બેંગ્લોર ખાતે મળશે, તો આપ સર્વે સમાજના કર્ણધારો મીટીંગની તારીખમાં થયેલ ફેરફારની નોંધ લઇ તારીખ 30.12.2022 ના સાંજ સુધી બેંગ્લોર પહોંચી આવવા ઓગ્ય કરશો.

મિટિંગનું સર્કયુલર પાછળથી મોકલી આપવામાં આવશે.

શ્રી અખિલ ભારતીય
કચ્છ કડવા પાટીદાર સમાજ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ નાંદેડ દ્વારા આઝાદીનાં અમૃત મહોત્સવ નિમિતે સ્વતંત્ર દિવસ તેમજ શિતળા સાતમ અને જન્માષ્ટમીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવેલ.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ નાંદેડ દ્વારા સ્વતંત્ર દિવસ તેમજ આઝાદીના અમૃતમહોત્સવનું આયોજન તા. ૧૫/૮/૨૦૨૨ ને સોમવારના રોજ પાટીદાર ભવનના પટાંગણ માં કરવામાં આવેલ જેમાં સવારના ૮:૩૦ વાગ્યે પ્રભાત ફેરી (રેલી) નું આયોજન રિમઝીમ રિમઝીમ વરસાદી મનમોહક વાતાવરણમાં કરવામાં આવેલ

જેમાં સમાજના મોટી સંખ્યામાં સમાજ જનોએ ભાગ લીધેલ. વદેમાતરમના જય કારથી પટેલ કોલોની તેમજ વિનાયક નગર ગુંજી ઉઠેલ. ૯:૩૦ વાગ્યે નાંદેડ સમાજના અધ્યક્ષશ્રી શાંતિભાઈ રામાણી તેમજ માન્યવરોના હસ્તે ભારતમાતા તેમજ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી દીપ પ્રજ્વલિત કરીને કાર્યક્રમોની શુરૂઆત કરવામાં આવેલત્યારબાદ સર્વે માન્યવરોના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવેલ.

સર્વે એક સાથે સલામી આપી સમૂહ રાષ્ટ્રગાન ગાઈને સમાજના અધ્યક્ષશ્રી શાંતિભાઈ રામાણી તેમજ મંત્રીશ્રી દયારામભાઈ પ્રસેગાંનુરૂપ શુભેચ્છાઓ પાઠવી.યુવામંડળ દ્વારા સરસ અને સુંદર શણગાર કરી સુસોભીત કરવામાં આવેલ તેમજ મહિલા મંડળ દ્વારા સરસ રંગોળી નું આયોજન કરવામાં આવેલ.

મહિલા મંડળ, યુવામંડળ તેમજ વિદ્યાર્થી મિત્રો અને નાના બાળકો એ વિવિધ વેશભૂષા ધારણ કરેલ ૧૦:૩૦ વાગ્યે ભારત માતા કી જય વદેમાતરમ ના જય ઘોષ સાથે આંનદમય વાતાવરણમાં કાર્યક્રમનું સમાપન કરવામાં આવેલ

શિતળા સાતમ તેમજ જન્માષ્ટમીની ઉજવણી પાટીદાર ભવનમાં ધામધૂમથી કરવામા આવેલ.

શિતળા સાતમને તા. ૧૮/૮/૨૦૨૨ ને ગુરૂવાર ના રોજ સવાર ના ૯:૦૦ વાગ્યે શિતળા માતાની વિધિવત પુજા કરવામાં આવેલ બપોર પછી ૩:૦૦ વાગ્યે દાંડીયા રાસ તેમજ વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવેલ.

જન્માષ્ટમી (ગોકુળઅષ્ટમી) તા. ૧૯/૮/૨૦૨૨ ને શુકવારના રોજ ઉજવવામા આવેલ બપોરે પછી ૨:૩૦ વાગ્યે રાસ ગરબા તેમજ રમતગમત, વેશભૂષા, સંગીતખુરશી જેવા કાર્યક્રમો નું આયોજન કરવામાં આવેલ. રાત્રે ૯:૦૦ વાગ્યે સમૂહલોજન કર્યા બાદ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.

રાત્રે ૧૨:૦૦ વાગે શ્રી કૃષ્ણ જન્મ પછી વાસુદેવ બાલકુષ્ણ ની ઝાંખી પ્રસ્તુત કરવામાં આવેલ. વાસુદેવ સ્વરૂપે હિમાંશુભાઈ રામાણી તેમજ બાલકુષ્ણ અંકૂરભાઇ રામાણીના સુપુત્ર તેમજ સજ્જન રામેશભાઈ રામાણી એ કાર્યક્રમની શોભા વધારેલ.

કાલી ઘોડા પાલખી જય કનૈયા લાલકી નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી ઇ વાતાવરણ સુમધુર બની ગયું હતું.

કાળાડાંગ દર્શન કરી પ્રસાદ લઈ હર્ષોલ્લાસમાં વાતાવરણમાં કૃષ્ણ જન્મ ઉજવવામાં આવેલ.

શ્રીસમાજ ના આંગણેથી સારા સમાચાર

શ્રીસમાજના ઉપપ્રમુખ જણાવે છે કે બે ત્રણ કરોડનો ખર્ચ આવી શકે એવો ત્રિવિધ સનાતની મહોત્સવ ઉજવવા માટે કોઈ દાતાનો ઉપયોગ કરવામાં નહિ આવે. એવું ચૈતન્યશિલ પૃષ્ઠ ભારતવર્ષના ઇતિહાસમાં શ્રીસમાજ, યુવાસંઘ અને મહિલાસંઘ દ્વારા ઉમેરાયા જઈ રહેલ છે.

તેને સફળ કરવા સમગ્ર કચ્છ કડવા પાટીદાર સનાતન શાતિએ એક એક ઘરમાંથી પોતાની આહુતિ રૂપે માત્ર આખાં વર્ષની પસ્તી અર્થાત્ રદી દાન રૂપે આપવાની છે.

આથી આપ સૌ શાતિજનોને અપીલ છે કે આપ આપના ઘરમાં પસ્તી અર્થાત્ રદી એકઠી કરી રાખશો અને સમાજ ઝોન અથવા યુવાસંઘ રીજિયન જ્યારે માંગે ત્યારે આપશો.

અશ્વા આપને કહેવામાં આવે એ રીતે પહોંચાડશો. આમ ત્રિવિધ સનાતની મહોત્સવી ઉજવવાનો ભાર આ વખતે **"રદી સે સમૃદ્ધિ"** દ્વારા એટલે કે પસ્તી સે પૈસો દ્વારા શક્ય બનાવવા આપ સર્વે સનાતની શાતિજનોના પ્રત્યેક એક એક ઘરનો સહકાર વિના શક્ય નથી.

માટે આજથીજ અત્યારથી કાર્યમાં લાગશો એવી અપીલ સાથે આપ સૌને જય લક્ષ્મીનારાયણ... જય મા ઉમિયા...

PARKING..... PARKING.....PARKING.....



આગામી તારીખ નાં નભત્રણા માં **૫-૬-૭/૦૮/૨૦૨૨** ના રામદેવપીર નો મેળો છે, તે દરમિયાન કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ-નભત્રણા પાર્કિંગ સુવિધા પાટીદાર વિદ્યાર્થી ભવન તેમજ સામેની બાજુના વાડામા કરેલ છે.

તો આપની Two Wheeler તેમજ Four Wheeler ની પાર્કિંગ સુવિધા રાખેલ છે.

Two Wheeler ના **૨૦** અને **Four Wheeler** ના **૫૦૪** છે. જે કોઈએ મેળા દરમિયાન પોતાના વ્યવસાયની જાહેરાત કરવા ઈચ્છતા હોય તે પાર્કિંગમાં બેનર દ્વારા અમો એમની જાહેરાત કરીશું તો તે અમારી ટીમનો સંપર્ક કરવા વિનતી

મર્યાદિત પ્રમાણમાં બેનર લેવામા છે તો વહેલા તે પહેલા.

સંપર્ક :
૩૦૪૩૦૫૫૫૮-
સુંદર પ્રબતાણી (પ્રમુખ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ-નભત્રણા) ૪૪૨૯૯૦૫૩૫૫-
આદિત્ય વેલાણી.

''૨૦૨૪ માટે વિપક્ષી દળો એક...ખુરશી એક પણ વિપક્ષમાં વરરાજા અનેક...''

-વર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ

આજનું રાજકારણ જોઈને ક્યારેક તો હસવું આવી જાય અને દિધ્યા થાય કે આ તમામ રાજનેતાઓને ચતુર ચાણક્ય કહેવા કે પછી શકુનિ તે જ સમજમાં નથી આવતું! વિવિધ પ્રાંતના આ સૂબાઓ કે જેમને મોદીજી આંખમાં કણાની માફક ખટકે છે....

મોદીજીના હાલમાં ભ્રષ્ટાચાર વિરૂદ્ધ ચાલી રહેલા અભિયાનની વિરૂદ્ધ વિપક્ષી દળોમાં મોદી હટાવો અભિયાન ચાલી રહ્યું છે. મોદી હટાવવામાં સૌની એકતા છે. કોઈપણ ભોગે મોદીજીને દિલ્હીની ગાદી ઉપરથી હટાવોના પણ, તેમની બદલે ગાદી ઉપર આ તમામ નેતાઓને બેસવું છે...

દરેકના મનની મુરાદ મેલી છે. દિલ્હીની ગાદી તો પોતાની જોડે જ હોવી જોઇએ એ વાત લઈને આ ટોળું અત્યારે એકજુટ થઈ રહ્યું છે. મોદીજીમાં અવગુણો શોધવામાં વ્યસ્ત છે ત્યારે બીજું કંઈ તમેને મળ્યું નહિ પણ મને થર્ડ અમ્પાયરને મોદીજીની એક માત્ર અવગુણ જોવા મળ્યો કે તેમણે ભ્રષ્ટાચાર વિરૂદ્ધ લડી રહ્યા છે તે આ ખીચડીના મગ ચોખાઓને ગમતું નથી.....

દરેક વિપક્ષી દળને મોદીજી તો ગમતા નથી પણ વિપક્ષના અન્ય દળના નેતાઓ પણ ક્યાં ગમે છે ?? દિલ્હીના કેજરીવાલને પ્રધાનમંત્રી બનવું છે તો બંગાળના મમતાજી તો પગે પૂઘરા બાંધીને બેઠા છે તો અખિલેશ યાદવને તો સાયકલ ચલાવતા ચલાવતા હવાઈ જહાજના સપના આવે છે કે દેશના પ્રધાનમંત્રી તો યું.પી. નો કુ ધિત્રમ જ હોઈ શકું!! અચરો શરદ પવાર જેવા ખેલાડી પણ આ રેસમાં પોતાને સુપ્રીમ સમજે છે ત્યારે તેલંગણાના કે.સી.આર. પોતાને જ સર્વશ્રેષ્ઠ પ્રધાનમંત્રી સમજી રહ્યા છે.

આ તમામ દેડકા એક ડોકા વાસણમાં કૂદકા મારી રહ્યા છે!! દરેકને સત્તાનો મોહ છે!! તૃષ્ટિકરણનું રાજકારણ, ભ્રષ્ટાચારનું રાજકારણ, મોંઘવારી અને મફતનું આપીને દિલ જીતવાનું રાજકારણ તેવો ખેલી રહ્યા છે અને દેશના પ્રધાનમંત્રી બનવાના સપના જોઈ રહ્યા છે!! રાષ્ટ્રવાદને ભૂલીને સ્વાર્થ અને સત્તા મોહનું રાજકારણ ખેલી રહ્યા છે અને જનતાને છેતરી રહ્યા છે...

મોદીજી ના જોઈએ કારણ કે મોદીજીની એક માત્ર ભૂલ છે કે તેઓ પોતાની મનમાની કરવા નથી ઈત્તા.... અને મનમાની કરીએ, ભ્રષ્ટાચાર કરવા દઈએ, જાતિવાદ કરીએ કે પછી તૃષ્ટીકરણનું રાજકારણ ખેલીએ પણ અને જમતા માટે સારૂ જ કરવાનું ઇચ્છીએ છીએ આ અમારૂં રાજકારણ મોદીજી તમને કેમ ભાવતું નથી?? "તમે દેશના પ્રધાનમંત્રીને લાયક નથી એટલે અમે તમારા વિરૂદ્ધ એકત્ર થયા છીએ." આ આવાજ વિપક્ષ દળનો છે....

આ તમામને પ્રધાનમંત્રી બનવું છે પણ રાહુલ ગાંધીની બળતરા છે કે એ કોઈ નહિ દેશની દ્રિતેચ્છુ તો હું ગાંધી પરિવારનો નબીરો જ છું!! આ માનસિકતા સાથે આ તમામ નેતાઓ મનુષ્ય બુદ્ધિ છોડી એક ઊંડા વાસણમાં પડીને ડાઈ ડુંઈ કરી રહ્યા છે. લાગે છે તમને કે આમાંથી કોઈ દેશનું નામ રોશન કરી શકે??? સિર્ફ સત્તા અને પદનો મોહ હોય તેવી દુર્ગંધ તેમનામાંથી આવી રહી છે.

તેઓ તમામ વિપક્ષી નેતાઓ મોદીજીની ભ્રષ્ટાચાર વિરૂદ્ધની લડતથી ડરેલા છે. તેઓ ભ્રષ્ટાચાર કે રાષ્ટ્રવાદથી ખુબ ડરેલા છે!! તમામ વિપક્ષી નેતાઓ પોતાનો કક્કો ખરો કરવા માગે છે અને પોતાની મનમાની પ્રમાણે રાજ કરવા માગે છે. "આ તમામ રાજનેતાઓ દેશની જનતા ઉપર રાજ કરવા માંગે છે ખરાં મોદીજી દેશની જનતાના દિલમાં રાજ કરવાની દિશામાં આગળ વધે છે...."

આ તમામ વિપક્ષી નેતાઓ વિચારધારામાં રાક્ષસી દક્ષિણ દિશા તરફ આગળ વધી રહ્યા છે ખ્યારે મોદીજી તદ્દન વિરૂદ્ધ ઉત્તર દિશા જે દેવોની છે તે દિશા તરફ ચાલી રહ્યા છે ત્યારે કોણ જીતશે કે કોણ હારશે તે સમય જ બતાવશે!! ઇતિહાસ તો એ વાતની સાક્ષી પૂરે છે કે દેવોની દિશા એ જીતની દિશા છે ખ્યારે દક્ષિણ દિશા જે રાક્ષસી વિચારધારા છે જેનો દ્રાખદ અંત જ થતો હોય છે.

- વિનોદ ભાવાણી

દિલ્હી :- મેટાસીયા બિલ્ડીંગ સાજ -સજા પ્રદર્શની ૨૦૨૨



દિલ્હી પાટનગરમા પ્રગતિ મેદાન ખાતે તારીખ 02 સપ્ટેમ્બરથી 04 સપ્ટેમ્બર 2022 સુધી મેટાસીયા બિલ્ડીંગ સાજ -સજાની પ્રદર્શન ગોઠવવા માં આવી છે.

આ પ્રદર્શની દરમ્યાન 175 થી વધુ કંપનીઓ પોતાના ઉત્પાદન જેમ કે પ્લાયવુડ, લેમીનેટસ, ફ્લશડોર, સરંગિગ પ્લાય,પીવીસી ટેપ, વુડ પેનલ, એકેલીક શીટ, વિનિયર, હાર્ડવેરસ વગેરે ના સ્ટોલો ગોઠવવામાં આવેલ છે,

50 ફરતા વધુથી પણ પ્લાયવુડ ઇન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન ના સ્ટોલો ને સજાવવા માં આવેલ છે આપણા વડીલો દ્વારા આવેલ લાકડાના ધંધામા અત્યારે પાછલા દસ વર્ષમા ખૂબજ પરિવર્તન સાથે નિત્ય નવી નવી વસ્તુઓનું ચલણ થતું રહ્યું છે ઘરોની ભીતોને કલરના બદલે હવે પેટ્રિંગ કરવામાં આવી રહ્યું છે.

દરેક કંપનીના સેલ્સ એક્ઝેક્યુટિવ મેમ્બર ધંધા ની લાગતી જરૂરી માહિતી જણાવે છે.આ પ્રદર્શન ના ભવિષ્યના આપણા ધંધામા વિકાસ અને લાભાર્થે વિવિધ રીજીયનો માંથી યુવા ખુબજ મોટી સંખ્યા માં દિલ્હી પધારી રહ્યા છે. જેનો ભવિષ્યમાં ખૂબ જ સારો પોતાના ધંધામાં જરૂરી માહિતી અને અપડેટ થવાનું માર્ગદર્શન પ્રાપ્ત કરી શકે છે.

સંયોજક:-

માધવકંપા લક્ષ્મીનારાયણ સનાતન મહિલા મંડળની રચના કરવામાં આવી.

પ્રમુખ
વાઢિયા વનિતાબેન

ઉપપ્રમુખ
વાસાણી રજનબેન

ગત જેષ્ઠ માધવકંપા લક્ષ્મીનારાયણ સનાતન મહિલા મંડળની રચના કરવામાં આવી. જેમાં મહિલા મંડળના પ્રમુખ તરીકે વાઢીયા વનીતાબેન પ્રવીણભાઈ નિમણૂક કરવામાં આવી તથા ઉપપ્રમુખ તરીકે વાસાણી રજનબેન કમલેશભાઈને જવાબદારી સોંપવામાં આવેલ. તથા ખજાનચી માટે વાઢીયા પ્રભાબેન વિમલભાઈને પદભાર અર્પણ કરવામાં આવેલ તથા મંત્રી માટે દડગા કપીલાબેનની વરણી કરી ત્રણ વર્ષ માટે નવીન કારોબારીની રચના કરવામાં આવી..

સંયોજક :
પ્રમોદ પટેલ - માધવકંપા.

Change your Water Change your Life

Enagic INDEPENDENT DISTRIBUTOR
Kangen Water

વિશ્વનું બેસ્ટ હેલ્થી વોટર શું તમે પીવો છો?

કેંગન લાઈવ વોટર
રમકડાંરી પાણી

શું તમે તમાસ પરિવારને નીચેની બીમારીઓથી દૂર રખવા માગો છો

- ગેસ
- એસીડીટી
- કબજીયાત
- બી.પી.
- ડાયાબીટીસ
- માઈગ્રેન
- કેન્સર
- હાડકા ની નબળાઈ
- મોતીયો
- થાક લાગવો
- દાદર
- ખરજવું
- ગેંગરીન
- સંધાનોમાં
- સંધાનો દુખાવા
- કીડની
- પથરી
- હાઈ કોલેસ્ટેરોલ
- થાયરોઇડ
- લીવર
- અલર્જી
- વાળ ખરવા
- ખીલ
- વજન ઘટાડવામાં
- B 12 ની ઉણપ

તમાસ ઘરના પાણીને રોક કરાવવા ત્યા લાઇવ્સ નેમાં જેટ સેપ કે કરો

ડિસ્ટ્રીબ્યુટરશીપ માટે સંપર્ક કરો
Advance Japanese Technology

Pareshbhai L Bhavani
M. : +91 9427549437

H.K. DOORS

HK DOORS
Fire EXPERIENCED of your HOUSE

BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME

TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929

H.K. TIMBER PVT. LTD.

TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE

EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26,
Sector - 3, Maitri Chhaya Appartment, Gandhidham
Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS

HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur,
Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205

શ્રી વાઘનીનારાયણ કૃપાસાન-સંસ્કારધામ, ઈલાણ-૯૩૭.

ભાદરવા સુદ-૮, વિ. સંવત ૨૦૭૮, રવિવાર, દિનાંક ૪/૯/૨૦૨૨

આજનું આચમન

જ્યારે સમય ખરાબ હોય છે ને સાહેબ, ત્યારે જુઠ્ઠા પણ જીતી જાય છે અને આપણા પોતાના પણ વેચાઈ જાય છે

- ઈલાણ

અવસાન નોંધ

તારીખ 3/9/2022
સ્વ: રણછોબ કાનજીભાઈ લીંબાણી
ઉંમર વર્ષ : 90
કચ્છ માં ગામ નખત્રાણા, જુનાવાસ
(સ્થાનિક)

તારીખ 3/9/2022
સ્વ: જયાબેન નરશેભાઈ લીંબાણી
ઉંમર વર્ષ : 50
કચ્છ માં ગામ નખત્રાણા, જુનાવાસ
હાલે નાગદા, ઉજ્જૈન

તારીખ 3/9/2022
સ્વ: વેરૂ સુરેશભાઈ વાસાણી,
ઉંમર વર્ષ : ૬૧,
કચ્છ માંઃ- ફગોપુર કચ્છ
હાલે ગોતા અમદાવાદ